પ્રસાર ભારતી

નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 11-Dec-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.

---

- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં 45 વિજેતાઓને રાષ્ટ્રીય પંચાયત પુરસ્કારથી સન્માનિત કર્યા.
- ✓ સંસદના બંને ગૃહોમાં હોબાળાને કારણે આજે રાજ્યસભાની દિવસભર અને લોકસભાની કાર્યવાહી બપોરે 2 વાગ્યા સુધી મુલતવી રહી.
- ✓ આજે લોકસભામાં રેલવે સંશોધન વિધેયક **2024** ધ્વનિ મત દ્વારા પસાર કરવામાં આવ્યું.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુવાસંશોધકોની પ્રશંસા કરતાં કહ્યું કે, તેમના ઉકેલો ભારતના લાખો લોકોના જીવનમાં પરિવર્તન લાવી શકે છે.
- ✓ કેન્દ્રીયમંત્રી સર્બાનંદ સોનોવાલે કહ્યું છે કે ગુજરાતના લોથલમાં બનાવવામાં આવનાર રાષ્ટ્રીય દરિયાઈ વારસા સંકૂલ એ ઈજનેરી કામનું ઉત્તમ ઉદાહરણ બની રહેશે.
- ✓ શિક્ષણ રાજ્ય મંત્રી સુકાંત મજમુદારે કહ્યું છે કે ભાષા એ એકમાત્ર ચાવી છે જે વિવિધ સંસ્કૃતિઓ અને પ્રદેશો હોવા છતાં દેશવાસીઓને એક કરે છે.
- ✓ મહિલા ક્રિકેટમાં ઓસ્ટ્રેલિયાએ ત્રીજી અને અંતિમ મેચમાં ભારતને 83 રનથી હાર આપી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**PREZ-PANCHAYAT-AWARDS-WITH-VC**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવનમાં રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર એનાયત કર્યા.. આ વર્ષે, કુલ 45 વ્યક્તિઓની વિવિધ કેટેગરીમાં પુરસ્કાર માટે પસંદ કરવામાં આવી છે જે તેમના મૂળભૂત વહીવટ અને સમુદાયના વિકાસમાં તેમની વ્યાપક સિદ્ધિઓને પ્રતિબિંબિત કરે છે.

સમારંભ દરમિયાન, પંચાયતી રાજ મંત્રી પુરસ્કાર વિજેતા પંચાયતોની નવીન અને અસરકારક કાર્ય પદ્ધતિઓ પરની પુસ્તિકાનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું. મંત્રાલયે કહ્યું છે કે આ પુરસ્કારોનો ઉદ્દેશ્ય અન્ય પંચાયતોને શ્રેષ્ઠ પ્રથાઓ અપનાવવા અને ગ્રામીણ ભારતના સર્વાંગી વિકાસમાં યોગદાન આપવા પ્રેરણા આપવાનો છે.

## L S –R S

સંસદના બંને ગૃહોમાં શાસક પક્ષ અને વિરોધ પક્ષ વચ્ચેના હોબાળાને કારણે આજે રાજ્યસભાની કાર્યવાહી દિવસભર અને લોકસભાની કાર્યવાહી બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. જ્યારે રાજ્યસભાની કાર્યવાહી પ્રથમ મુલતવી પછી બપોરે 12 વાગ્યે ફરી શરૂ થઈ, ત્યારે ગૃહના નેતા અને કેન્દ્રીય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ અમેરિકા સ્થિત જ્યોર્જ સોરોસ ફાઉન્ડેશન સાથે કોંગ્રેસના નેતાઓના કથિત સંબંધોના મુદ્દા પર ગૃહમાં ચર્ચાની માંગ કરી. તેમણે કોંગ્રેસની આગેવાની હેઠળના વિપક્ષ પર અધ્યક્ષ જગદીપ ધનખડ સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવીને લોકોનું ધ્યાન આ મુદ્દા પરથી હટાવવાનો આરોપ લગાવ્યો. ઉપાધ્યક્ષ હરિવંશે વિરોધ કરી રહેલા સભ્યોને તેમની બેઠકો પર પાછા ફરવા અને ગૃહની કાર્યવાહીમાં વિક્ષેપ ન પાડવા વિનંતી કરી. આ પછી ઉપાધ્યક્ષે ગૃહની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરી દીધી.

## LS-RAILWAYS-BILL

આજે લોકસભામાં રેલવે સંશોધન વિધેયક **2024** ધ્વનિ મત દ્વારા પસાર કરવામાં આવ્યું. આ વિધેયક રેલ્વે અધિનિયમ **1989**માં સુધારો કરવા અને રેલ્વે બોર્ડની સત્તા અને તેની સ્વતંત્ર કામગીરીને વધારવા માંગે છે. આ વિધેયક દ્વારા રેલવે અધિનિયમ **1989**માં ભારતીય રેલવે બોર્ડ અધિનિયમ **1905**ની તમામ જોગવાઈઓનો સમાવેશ કરવાનો પ્રસ્તાવ છે.

આ વિધેયક પરની ચર્ચાનો જવાબ આપતા રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે આ લાવવાનો હેતુ કાયદાકીય માળખાને સરળ બનાવવાનો છે. તેમણે કહ્યું કે છેલ્લા દસ વર્ષમાં રેલ્વે માળખાને સુધારવા માટે ઘણા મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કે વંદે ભારત, અમૃત ભારત અને નમો ભારત જેવી ઘણી નવી ટ્રેનો શરૂ કરવામાં આવી છે જેથી મધ્યમ વર્ગ અને ગરીબ મુસાફરોને દરેક પ્રકારની સલામતી અને સુવિધાઓ મળી રહે. આ સંદર્ભે, ખાસ કરીને વંદે ભારત ટ્રેનનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે સમગ્ર વિશ્વમાં તેની પ્રશંસા થઈ છે અને તે આત્મનિર્ભર ભારતનું ઉત્તમ ઉદાહરણ છે. રેલ્વે મંત્રીએ કહ્યું કે છેલ્લા **10** વર્ષમાં **44** હજાર કિલોમીટરની રેલ્વે લાઈનોનું વિદ્યુતીકરણ કરવામાં આવ્યું છે. તેમણે એ પણ માહિતી આપી કે છેલ્લા દસ વર્ષમાં રેલવેના બજેટમાં વધારો કરવામાં આવ્યો છે. આ નાણાકીય વર્ષમાં **2** લાખ **52** કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે  તેમણે એ પણ માહિતી આપી હતી કે ટ્રેનો વચ્ચે આવી અથડામણને રોકવા માટે બખ્તર લગાવવાનું કામ ચાલી રહ્યું છે. રેલ્વે મંત્રીએ એમ પણ કહ્યું કે રેલ્વે વિભાગમાં વિવિધ પદો પર નિમણૂકની પ્રક્રિયા પારદર્શક રીતે પૂર્ણ કરવામાં આવી રહી છે.

## REV.-LS---DISASTER-MANAGEMENT

લોકસભાએ આપત્તિ વ્યવસ્થાપન (સુધારા)વિધેયક , **2024**ને વિચારણા અને પસાર કરવા માટે રજૂ કરાયું છે. આ વિધેયક, આપત્તિ વ્યવસ્થાપન

(સુધારા)વિધેયક 2005માં સુધારો કરવા માંગે છે અને તેનો હેતુ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થા અને રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થાની કાર્યક્ષમ કામગીરીને મજબૂત કરવાનો છે. આ વિધેયક રાષ્ટ્ર અને રાજ્ય ને રાષ્ટ્રીય કાર્યકારી સમિતિ અને રાજ્ય કાર્યકારી સમિતિને બદલે રાષ્ટ્રીય સ્તરે અને રાજ્ય સ્તરે આપત્તિ યોજના તૈયાર કરવાની સત્તા આપે છે. આ વિધેયક રાજ્ય સરકારને મહાનગર પાલિકા સાથે રાજ્યની રાજધાનીઓ અને શહેરો માટે અલગ શહેરી આપત્તિ વ્યવસ્થાપનની રચના કરવાની પણ સત્તા આપે છે..

ખરડાને રજૂ કરતાં, ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે, સરકારે આપત્તિ વ્યવસ્થાપન નીતિઓમાં સુધારો કરવા અને કુદરતી આફતોનો સામનો કરવા માટે એક મજબૂત ઇકોસિસ્ટમ બનાવવા માટે ઘણા પગલાં લીધાં છે જેણે માનવ જીવન અને સંપત્તિના નુકસાનમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે આપત્તિ વ્યવસ્થાપન સમિતિમાં નિષ્ણાતોનો સમાવેશ કરવાનું સૂચન કર્યું હતું. તેમણે આફત દરમિયાન તેમના પરિવારના સભ્યો અને સંપત્તિ ગુમાવનારા લોકોને કાનૂની બાંયધરી આપવાની પણ હિમાયત કરી હતી. તેમણે વાયનાડમાં ભૂસ્ખલન, ચેન્નાઈમાં પૂર અને કર્ણાટકમાં દુષ્કાળના ઉદાહરણો ટાંક્યા હતા. તૃણમૂલ કોંગ્રેસના સભ્ય કલ્યાણ બેનર્જીએ આરોપ લગાવ્યો કે પ્રસ્તાવિત બિલ રાજ્યોની સત્તા પર અતિક્રમણ કરે છે અને સંઘીય માળખાને નષ્ટ કરે છે. તેમણે કહ્યું કે તે આપત્તિ રાહત ભંડોળ પર કેન્દ્રીય નિયંત્રણમાં વધારો કરે છે.. આ ચર્ચા અનિર્ણિત રહી હતી.

## EVE.-PM-TAMIL-POET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે સુબ્રમણ્યમ ભારતીનું સમૃદ્ધ ભારત અને દરેક વ્યક્તિના સશક્તિકરણનું વિઝન આવનારી પેઢીઓને પ્રેરણા આપતું રહેશે. પ્રધાનમંત્રીએ આજે નવી દિલ્હીમાં તમિલ કવિ અને સ્વાતંત્ર્ય સેનાની સુબ્રમણ્યમ

ભારતીની સંપૂર્ણ રચનાઓના સંગ્રહનું વિમોચન. તેમને શ્રદ્ધાંજલિ આપતા પ્રધાનમંત્રીએ કહ્યું કે આજે દેશ એક મહાન કવિની જન્મજયંતિ ઉજવી રહ્યો છે. મહાન કવિ સુબ્રમણ્ય ભારતીની રચનાઓના સંગ્રહનું વિમોચન કરીને તેઓ ખૂબ જ સન્માનની લાગણી અનુભવી રહ્યા છે.

શ્રી મોદીએ આ દિવસને દેશની સંસ્કૃતિ અને સાહિત્ય, ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની યાદો અને તમિલનાડુના ગૌરવ માટે એક મહત્વપૂર્ણ ક્ષણ ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે મહાન કવિ સુબ્રમણ્ય ભારતીના લખાણો અને કૃતિઓ પ્રકાશિત કરવી એ મોટી સેવા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે આ સંગ્રહ સંશોધકો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે સુબ્રમણ્ય ભારતીને 'ગીતા'માં ખૂબ શ્રદ્ધા હતી. ભારતમાં શબ્દોને માત્ર અભિવ્યક્તિનું માધ્યમ માનવામાં આવતું નથી પરંતુ આ શબ્દને જ બ્રહ્માનું બિરુદ આપવામાં આવે છે.વધુમાં તેમણે આ પ્રમાણે જણાવ્યું.

**(Byte -PM..** ગીતા જયંતી**)**

શ્રી મોદીએ કહ્યું કે આધુનિક સમયમાં સ્વામી વિવેકાનંદની સંગ્રહ કરેલી રચનાઓ અને બાબા સાહેબ આંબેડકરના લખાણો અને ભાષણો સમાજ અને શિક્ષણ જગત માટે ખૂબ જ ઉપયોગી સાબિત થયા છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડરસ્કોર** ABAD**ને ફોલો કરી શકો છો.**

## **PM-YOUNG-INNOVATORS-EARLY**

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ યુવા સંશોધકોની પ્રશંસા કરતાં કહ્યું છે કે તેમની પાસે 21મી સદીના ભારતનું અલગ વિઝન છે.. **તેમના ઉકેલો ભારતના ભવિષ્ય માટે નિર્ણાયક છે અને લાખો લોકોના જીવનમાં પરિવર્તન લાવી શકે છે.**

સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન 2024ના ગ્રાન્ડ ફીનાલેમાં વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા યુવા સંશોધકો સાથે વાર્તાલાપ કરતાં પ્રધાનમંત્રીએ  પુનરોચ્ચાર કર્યો કે .

આજે  ભારત દરેકના પ્રયાસોથી જ ઝડપી ગતિએ આગળ વધી શકે છે.

**(BYTE-PM)**

પ્રધાનમંત્રીએ ઉલ્લેખ કર્યો કે જ્યારે પણ તેમને યુવા સંશોધકો સાથે રહેવાની તક મળે છે ત્યારે તેઓ ઘણું જ્ઞાન અને સમજ મેળવે છે.

## EARLY---MARITIME-HERITAGE-CONCLAVE

કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે કહ્યું છે કે ગુજરાતના લોથલમાં બનાવવામાં આવનાર રાષ્ટ્રીય દરિયાઈ વારસા સંકૂલ એ ઈજનેરી કામનું ઉત્તમ ઉદાહરણ બની રહેશે. આ દરિયાઈ ક્ષેત્રમાં પરિવહનના વિકાસમાં અને ભવિષ્યમાં તેનાથી સંબંધિત ઉકેલો શોધવામાં મદદરૂપ થશે. નવી દિલ્હીમાં  ઈન્ડિયા મેરીટાઇમ હેરિટેજ કોન્ફરન્સ – 2024ને સંબોધતા શ્રી સોનોવાલે કહ્યું કે ભારતના  દરિયાઈ વારસાએ માત્ર દેશના જ નહીં પરંતુ વિશ્વના ઈતિહાસને પ્રભાવિત કર્યો છે. તેમણે કહ્યું કે આ સમેલન વૈશ્વિક દરિયાઈ વેપાર અને સંસ્કૃતિમાં ભારતના યોગદાનને રેખાંકિત કરે છે. આ અવસરે કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે કહ્યું કે આ  સાંસ્કૃતિક વારસા અને આર્થિક સમૃદ્ધિનું પ્રતીક છે. તેમણે કહ્યું કે કોન્ફરન્સમાં દરિયાઈ ક્ષેત્રમાં ભારતીય કૌશલ્યની ચર્ચા કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે ભારત પાસે સમૃદ્ધ દરિયાઈ ઈતિહાસ છે

અને મહાસાગરોના ક્ષેત્રમાં વિશાળ જ્ઞાન છે. શ્રી માંડવિયાએ જણાવ્યું હતું કે આ જ્ઞાન વૈશ્વિક દરિયાઈ સંસ્કૃતિને આકાર આપશે.

## EDUCATION-BHASHA-UTSAV

શિક્ષણ રાજ્ય મંત્રી સુકાંત મજમુદારે કહ્યું છે કે ભાષા એ એકમાત્ર ચાવી છે જે વિવિધ સંસ્કૃતિઓ અને પ્રદેશો હોવા છતાં દેશવાસીઓને એક કરે છે. તેઓ આજે નવી દિલ્હીમાં ભારતીય ભાષા ઉત્સવને સંબોધિત કરી રહ્યા હતા. તેમના સંબોધનમાં, મંત્રીએ લોકોને પ્રગતિશીલ માનસિકતા વિકસાવવા અને તમામ ભાષાઓનો આદર કરવા વિનંતી કરી, જે દેશને વિકસિત બનાવવામાં મદદ કરશે. સભાને સંબોધતા, શિક્ષણ રાજ્ય મંત્રી જયંત ચૌધરીએ દેશભરમાં ભાષાના પ્રચારમાં કવિ અને સ્વાતંત્ર્ય સેનાની સુબ્રમણિયા ભારતીની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો. ભારતના વૈવિધ્યસભર ભાષાકીય વારસાને ચિહ્નિત કરવા અને પ્રખ્યાત કવિ સુબ્રમણિયા ભારતીની જન્મજયંતિની યાદમાં એક સપ્તાહનો ભારતીય ભાષા ઉત્સવ, સમગ્ર દેશમાં ઉજવવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમનું આયોજન શિક્ષણ મંત્રાલય હેઠળના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

## WOMEN-CRICKET--IND-AUS-RESULT

મહિલા ક્રિકેટમાં ઓસ્ટ્રેલિયાએ ત્રીજી અને અંતિમ મેચમાં ભારતને 83 રનથી હાર આપી.પર્થના મેદાનમાં  આ જીત સાથે ઓસ્ટ્રેલિયાએ 3-0થી જીત મેળવીને *શ્રેણી* જીતી લીધી હતી. 299 રનના લક્ષ્યનો પીછો કરતા ભારત 45.1 ઓવરમાં 215 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. ભારત તરફથી સ્મૃતિ મંધાનાએ સૌથી વધુ 105 રન બનાવ્યા હતા. આ પહેલા ઓસ્ટ્રેલિયાએ એનાબેલ સધરલેન્ડના શાનદાર શતકની મદદથી નિર્ધારિત 50 ઓવરમાં 6 વિકેટે 298 રન બનાવ્યા હતા. તેણે 95 બોલમાં 110 રન બનાવ્યા હતા. ભારત તરફથી અરુંધતિ રેડ્ડીએ 4 વિકેટ ઝડપી હતી.